રજુ કર્યા તારીખ : ૧૩/૦૩/૨૦૧૬
દાખલ તારીખ : ૧૩/૦૩/૨૦૧૬
ફેંસલ કર્યા તારીખ : ૧૩/૦૫/૨૦૨૫
સમય : વર્ષ, માસ દિવસ.

મહે. ૦૮ મા, એડીશ્નલ ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ (અમદાવાદ શહેર) સાહેબની કોર્ટ મધ્યે,
કોર્ટ નં – ૨૧, અમદાવાદ.

ફોજદારી કેસ નં. – ૩૦૦૧૯૭/૨૦૧૬
આંક – 15

ફરિયાદી :–
શ્રી સરકાર

વિરૂધ્ધ

તહોમતદારો :–
(૧) પપ્પુ ઉર્ફે પોપસિંગ નવલસિંગ પરીહાર, ઉ. વ. – ૫૦,

(૨) પ્રવિણસિંગ ઉર્ફે કલ્લુ ફતેસિંહ પરીહાર, ઉ. વ. – ૨૧,

(૩) હરેન્દ્રસિંગ ઉર્ફે છોટુ પોપસિંગ પરીહાર, ઉ. વ. – ૨૨,
તમામ રહે. રોહીતદાસ ચાર રસ્તા, હીમગીરી સ્કુલ પાછળ,
નર્મદાબેનની ચાલી, ચમનપુરા, મેઘાણીનગર, અમદાવાદ,

ગુન્હો :– ભારતીય દંડ સંહિતાની કલમ – ૩૨૩, ૨૯૪(ખ), ૫૦૬(૧), ૧૧૪ મુજબ.

---

શ્રી સરકાર તરફે :– વિ. એ. પી. પી. શ્રી એચ. બી. દેસાઇ
તહોમતદારો તરફે :– વિ. વકીલ શ્રી એસ. બી. ઠાકોર

---

:: ચુકાદો ::–

(૧) આ કામે ફરિયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકતો એવી રહેલ છે કે, આ કામના તહોમતદોરોએ ગઈ તા: ૧૩/૧૧/૨૦૧૫ ના કલાક: ૧૫.૩૦ વાગ્યે નર્મદાબેનની ચાલીના નાકે, આ કામના ફરિયાદી તથા સાહેદો સાથે બોલાચાલી ઝગડો કરી ફરિયાદી તથા સાહેદ નં. – ૪ ને ગડદા ફેટોનો માર મારી બિભત્સ ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપી એકબીજાની મદદગારી કરી

ગુન્હો કરવા બાબતે ફરિયાદીએ તહોમતદારો વિરૂધ્ધ મેઘાણીનગર પોલીસ સ્ટેશનમાં તા. ૧૩/૦૩/૨૦૧૬ ના રોજ ઇ. પી. કો. કલમ – ૩૨૩, ૨૯૪(ખ), ૫૦૬(૧) તથા ૧૧૪ મુજબની ફરિયાદ કરતાં પોલીસે ગુના રજી. નં. – ૩૦૯૧/૨૦૧૫ થી ગુનો રજીસ્ટર કરેલ અને તહોમતદારોને અટક કરેલ અને તપાસ કરનાર અમલદારે તપાસના અંતે પુરાવો જણાંતા તહોમતદારો વિરૂધ્ધ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ – ૧૭૩ અન્વયે ચાર્જશીટ તા. ૧૩/૦૩/૨૦૧૬ ના રોજ દાખલ કરેલ હતું.

**(૨)** આ કામના તહોમતદારોને સમન્સની બજવણી થતાં તહોમતદારો તેમના વિ. વ. શ્રી મારફતે હાજર થતાં, તેમને ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ – ૨૦૭ ની જોગવાઇઓને આધિન રહી પોલીસ તપાસના કાગળોની નકલો વિના મુલ્યે મળ્યા અંગેની ખાત્રી થાય બાદ આક્ષેપિત ગુનાનું તહોમતનામું તા. ૦૬/૦૩/૨૦૨૩ ના રોજ આંક – ૦૩ થી ફરમાવી, વાંચી, સમજાવી તહોમતદારોનું નિવેદન આંક – ૦૪ થી આંક – ૦૬ થી રેકર્ડ કરતાં તેઓને ગુન્હો કબુલ ન હોવાથી ફરિયાદપક્ષના પુરાવો નોંધવા પર મુલત્વી રાખેલ.

**(૩)** આ કામે ફરિયાદપક્ષે પોતાના કેસની હકીકતો સાબિત કરવા માટે નીચે મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ રજુ રાખવામાં આવેલા છે.

**<u>–: ફરિયાદપક્ષે મૌખિક પુરાવાઓ :–</u>**

૧. આંક – ૦૮ થી ફરિયાદી દેવેન્દ્રસિંહ સુગરસિંહ કુશ્વાહનો સોગંદ પરનો પુરાવો.
૨. આંક –૧૦ થી સાહેદ મીનુબેન સુગરસિંહ કુશ્વાહનો સોગંદ પરનો પુરાવો.

**<u>–: ફરિયાદપક્ષે દસ્તાવેજી પુરાવાઓ :–</u>**

૧. આંક – ૧૧ થી પંચનામું.
૨. આંક – ૧૨ થી ઇન્જરી સર્ટીફીકેટ.

ત્યારબાદ સદર કામે ફરિયાદપક્ષે લેખિત પુરાવા બંધની પુરશીશ આંક – ૧૩ થી રજુ કરવામાં આવેલ છે.

**(૪)** આ કામે ફરિયાદપક્ષનો પુરાવો પુરો થયા બાદ રેકર્ડ વંચાણે લેતાં હાલના કામે સી. આર. પી. સી. કલમ – ૩૧૩ મુજબનું વિશેષ નિવેદન લેવા પાત્ર કોઇ પુરાવો ન હોય તહોમતદારોનું વિશેષ

નિવેદન લેવામાં આવેલ નથી. ત્યારબાદ સદર કામે બંને પક્ષોની વિસ્તૃત દલીલો સાંભળવામાં આવી.

**(૫)** આ કામે ફરિયાદપક્ષે રજુ રાખવામાં આવેલા પુરાવાની હકીકતોને ધ્યાને લેતાં નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**-: મુદ્દા :-**

(૧) શું ફરીયાદ પક્ષ નિ:શંક પણે સાબિત કરે છે કે, તા: ૧૩/૧૧/૨૦૧૫ ના કલાક: ૧૫.૩૦ વાગ્યે નર્મદાબેનની ચાલીના નાકે, આ કામના ફરિયાદી તથા સાહેદો સાથે બોલાચાલી ઝગડો કરી ફરિયાદી તથા સાહેદ નં. - ૪ ને ગડદા ફેટોનો માર મારી બિભત્સ ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપી એકબીજાની મદદગારી કરી ગુન્હો કરી તહોમતદારો વિરૂધ્ધ ઇ. પી. કો. કલમ - ૩૨૩, ૨૯૪(ખ), ૫૦૬(૧) તથા ૧૧૪ મુજબનો સજાને પાત્ર ગુન્હો કર્યો છે.

(૨) શું હુકમ ?

**(૬)** ઉપરોકત મુદ્દાઓનો ન્યાય નિર્ણય નીચે મુજબ છે.

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

**-:: કારણો ::-**

**-: મુદ્દા નં. ૦૧ ના કારણોની ચર્ચા :-**

**(૭)** આ કામે ફરિયાદપક્ષે આંક - ૦૮ થી ફરિયાદી દેવેન્દ્રસિંહ સુગરસિંહ કુશ્વાહ સોગંદ પરની સરતપાસમાં જણાવે છે કે, બનાવ આશરે દસેક વર્ષ પહેલા બનેલો જે તે વખતે આ કામના સામાવાળા સાથે બોલાચાલી થયેલી તે વખતે આજુબાજુના લોકો એકઠા થઇ ગયેલા, ધકકા મુકકી થતા તેઓ તથા તેઓના બહેનને ઈજા થયેલી, જે બાબતે સીવીલ હોસ્પીટલમાં સારવાર લીધેલી બનાવ સંદર્ભે આવેશમા આવી જઇ મેઘાણીનગર પોલીસ સ્ટેશનમાં ફરીયાદ આપેલી, ફરીયાદની નકલ તેઓને બતાવવામાં આવે છે તેમા તેઓની સહી ઓળખી બતાવી ફરિયાદ આંક- ૦૯ થી પુરાવામા રજુ રાખેલ. સદર કામે તહોમતદારો સાથે સમાધાન થઇ ગયેલ હોવાનું જણાવે છે. સદર કામે કોઇ તકરાર રહેતી નથી. આ ફરીયાદી સાહેદ ફરીયાદ હકીકતને સમર્થન કરતાં ન હોય વિ. એ પી. પી. શ્રીએ તેઓને ફરી ગયેલા જાહેર કરેલ હોવા છતા ફરીયાદની હકીકતોને સમર્થન કરતા નથી. તહોમતદાર તરફે કરવામાં આવેલી ઉલટતપાસમાં તેઓએ એ વાતનો સ્વીકાર કરેલ છે કે, આ કામે તેઓને સમાધાન થઇ ગયેલ છે,

(૮) આ કામે ફરિયાદપક્ષે આંક – ૧૦ થી સાહેદ મીનુબેન સુગરસિંહ કુશ્વાહ સોગંદ પરની સરતપાસમાં જણાવે છે કે, બનાવ આશરે દશેક વર્ષ પહેલા બનેલો જે તે વખતે આ કામના તહોમતદારો સાથે બોલાચાલી થયેલી. તે વખતે આજુબાજુના લોકો એકઠા થઇ ગયેલા. ધકકા મુકકી થતા તેઓને ઇજાઓ થયેલ હતી જે બાબતે તેઓને સીવીલ હોસ્પીટલમાં સારવાર લીધેલ હતી આ બનાવ બાબતે આવેશમા આવી જઇ તેઓના ભાઇને ફરિયાદ આપેલી પોલીસે તેઓનો જવાબ લીધેલો સદર કામે તહોમતદારો સાથે સમાધાન થઇ ગયેલ હોવાનું જણાવે છે. સદર કામે કોઇ તકરાર રહેતી નથી. આ સાહેદ ફરીયાદ હકીકતને સમર્થન કરતાં ન હોય વિ. એ પી. પી. શ્રીએ તેઓને ફરી ગયેલા જાહેર કરેલ હોવા છતા ફરીયાદની હકીકતોને સમર્થન કરતા નથી. બચાવ પક્ષે કરવામાં આવેલી ઉલટતપાસમાં તેઓએ એ વાતનો સ્વીકાર કરેલ છે કે, આ કામે તેઓને સમાધાન થઇ ગયેલ છે, સદર કામે સામાન્ય બોલાચાલી થયેલી.

(૯) આ કામે તહોમતદારો તરફે આંક – ૧૦ તથા આંક–૧૧ થી પંચનામાને આંકે પાડવા સામે વાંધો નથી તેવો શેરો કરી આપતાં આ કામમાં પુરાવામાં સામેલ રાખેલ છે. પરંતુ, આ દસ્તાવેજી પુરાવાને મૌખિક પુરાવાથી સમર્થન મળતું નથી કારણ કે, ખુદ ફરિયાદી આંક – ૧૨ થી પુરશીશથી હવે કોઇ વધુ પુરાવો આપવા માંગતા નથી, તેમ જણાવતાં અન્ય કોઇ સાહેદોને આ કામે તપાસવામાં આવેલા નથી. જેથી, રજુ દસ્તાવેજી પુરાવાની હકીકતે તહોમતદારો સામે આક્ષેપીત ગુનો પુરવાર કરવા માટે તેનો ઉપયોગ કરી શકાય તેમ નથી.

(૧૦) સદર કામે ફરિયાદપક્ષે રજુ થયેલ સમગ્ર પુરાવાનું મુલ્યાંકન કરતાં, સદર કામે મુળ ફરિયાદી સાહેદ દેવેન્દ્રસિંહ સુગરસિંહ કુશ્વાહ તથા સાહેદ મીનુબેન સુગરસિંહ કુશ્વાહ તેમની ઉલટ તપાસમાં તહોમતદારો સાથે ઘરમેળે સમજુતીથી સમાધાન થઇ ગયેલ હોવાની વાતનો સ્વીકાર કરેલ છે અને મુળ ફરિયાદીએ આંક – ૧૩ ની પુરશીશથી હવે વધુ કોઇ પુરાવો આપવા માંગતા નથી તેમ જણાવતાં અન્ય કોઇ સાહેદોને આ કામે તપાસવામાં આવેલા નથી. વધુમાં, આ કામે ફરિયાદપક્ષે તપાસ કરનાર અધિકારીને તપાસવામાં આવેલા નથી, પરંતુ ફરિયાદપક્ષે સોગંદ પર તપાસેલ મુળ ઇજા પામનાર ફરિયાદી તથા સાહેદ જે ઇજા પામનાર સાહેદ છે, તેવા મહત્વના સાહેદની જુબાનીથી બનાવ શંકાસ્પદ બની રહે છે, તેથી ફરિયાદપક્ષે સોગંદ પર નહીં તપાસેલ સાહેદોને સોગંદ પર તપાસવામાં આવેલા હોત તો પણ આ કેસના ગુણદોષ પર આવનાર પરિણામ પર કોઇ વિપરીત અસર થાય નહીં. આમ, ફરિયાદપક્ષ તેમનો કેસ તેમણે રજુ કરેલા પુરાવાઓથી નિ:શંકપણે સાબિત કરી શકેલા નથી.

ઉપરોકત રેકર્ડ પરની તમામ હકીકતો તથા કારણો તથા સંજોગો તથા કાયદાની સ્થિતિ તથા પરિસ્થિતિ ધ્યાને લઈ મુદ્દા નંબર – ૦૧ નો જવાબ " **નકાર** " માં આપી મુદ્દા નંબર – ૦૨ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–:: આખરી હુકમ ::–**

૧) આ કામે મેઘાણીનગર પોલીસ સ્ટેશનના ગુ. રજી. નં. – ૩૦૯૧/૨૦૧૫ ના કામના તહોમતદાર નં. – ૧) પપ્પુ ઉર્ફે પોપસિંગ નવલસિંગ પરીહાર, ઉ. વ. – ૫૦, તથા તહોમતદાર નં. – ૨) પ્રવિણસિંગ ઉર્ફે કલ્લુ ફતેસિંહ પરીહાર, ઉ. વ. – ૨૧, તથા તહોમતદાર નં. – ૩) હરેન્દ્રસિંગ ઉર્ફે છોટુ પોપસિંગ પરીહાર, ઉ. વ. – ૨૨, તમામ રહે. – રોહીતદાસ ચાર રસ્તા, હીમગીરી સ્કુલ પાછળ, નર્મદાબેનની ચાલી, ચમનપુરા, મેઘાણીનગર, અમદાવાદવાળાઓને ક્રિમીનલ પ્રોસિઝર કોડની કલમ – ૨૪૮(૧) અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમ – ૩૨૩, ૨૯૪(ખ), ૫૦૬(૧) તથા ૧૧૪ મુજબના શિક્ષાપાત્ર ગુનાઓમાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨) આ કામે તહોમતદારોના જાત મુચરકા તથા જામીનખત રદ કરવાનો હુકમ કરવામાં આવે છે. તહોમતદારોએ ક્રિમીનલ પ્રોસિઝર કોડની કલમ – ૪૩૭(એ) મુજબ રૂા. ૫,૦૦૦/– (અંકે રૂપિયા પાંચ હજાર પુરા) ના જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકા રજૂ રાખવા.

હુકમ આજરોજ તા. – ૧૩ મી, માહે – મે, સને – ૨૦૨૫ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, મારી સહી કરી જાહેર કરવામાં આવ્યો.

**તા. ૧૩/૦૫/૨૦૨૫**
**સ્થળ: અમદાવાદ.**

**(પરેશગીરી નટવરગર ગોસ્વામી)**
**૦૮ મા, એડી. ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ,**
**અમદાવાદ શહેર.**
**કોડ નં. – જીજે – ૦૧૦૩૭**

#JPSADAT#